

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

अब तो एक ही आग ''जन फरियाद''

now on Internet www.janfariyad.com

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

સાપ્તાહિક

તંત્રીઃ પ્રદિપ રાવલ

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-28 ■ અંક-16 ■ તા. 28-4-2024 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

# ૧૦ વર્ષમાં સરકારે દલિતો કે આદિવાસી કે સામાન્ય જનતાને મજબુત કરવા માટે કોઈ કામ કર્યું નથીઃપ્રિયંકા





વલસાડ,તા.૨૭

કોંગ્રેસના નેતા પ્રિયંકા ગાંધી વાડ્રાએ શનિવારે દાવો કર્યો હતો કે સત્તારૂઢ ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ની ટોચની નેતાગીરી ભલે તેને નકારવાનો ઢોંગ કરી રહી હોય, પરંતુ જો પાર્ટી ફરી સત્તામાં આવશે, તો તે બંધારણને બદલી નાખશે અને લોકોને તેમનાથી વંચિત રાખશે.પ્રિયંકાએ ધરમપુર ગામમાં એસટી (અનુસૂચિત જનજાતિ) અનામત વલસાડ લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર અનંત પટેલના સમર્થનમાં આયોજિત રેલીમાં જણાવ્યું હતું. આદિવાસી બહુલ વલસાડ જિલ્લામાં નરેન્દ્ર મોદી આ વાતને નકારી રહ્યા છે. આ તેમની વ્યૂહરચના છે.

કોંગ્રેસ નેતાએ કહ્યું, ''શરૂઆતમાં તેઓ જે કરવા માગે છે તે હંમેશા નકારશે પરંતુ સત્તામાં આવ્યા બાદ તેઓ તેનો અમલ કરશે. તેઓ સામાન્ય લોકોને કમજોર કરવા અને આપણા બંધારણમાં આપેલા અધિકારોથી વંચિત રાખવા બંધારણમાં ફેરફાર કરવા માંગે છે.'' વડાપ્રધાન મોદી પર નિશાન સાધતા તેમણે કહ્યું કે તેઓ ચૂંટણી વખતે 'સુપરમેન'ની જેમ સ્ટેજ પર આવતા હતા તેમને "ઈન્ફલેશન મેન" તરીકે યાદ કરો.

પ્રિયંકાએ કહ્યું, "ભાજપના નેતાઓ વડા પ્રધાનને એક શક્તિશાળી નેતા તરીકે રજૂ કરે છે અને (રશિયા-યુક્રેન યુદ્ધના સંદર્ભમાં) કહે છે કે તેઓ 'ચપટી વડે યુદ્ધ રોકે છે', તો પછી તે ગરીબી વિશે કેમ વાત કરી શકતા નથી. કોંગ્રેસ મહાસચિવે કહ્યું કે જો તેમનો પક્ષ સત્તામાં આવશે તો તે શહેરી વિસ્તારોમાં ૧૦૦ દિવસના કામની ગેરંટી આપવા માટે મનરેગા (મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ) જેવી રોજગાર ગેરંટી યોજના લાવશે.

સભાને સંબોધતા પ્રિયંકા ગાંધીએ કહ્યું કે, એક તીર એક કમાન, આદિવાસીઓ એક સમાન. આદિવાસીઓની જ્યાં વધારે સંખ્યા છે એને અમે અનુસુચિત ક્ષેત્ર જાહેર કરીશું, જેથી તમને વધારે લાભ મળી શકે. તમે બધા જોઈ રહ્યા છો, તમારી જોડે અન્યાય થઈ રહ્યો છે, એટલે રાહુલજીએ ન્યાય યાત્રા શરૂ કરી' તેમણે ભાજપ પર પ્રહારો કરતા કહ્યું કે, 'સરકારે મોટા મોટા દાવા કર્યા પણ કઈ થયું નહીં. ૧૦ વર્ષમાં સરકારે દલિતો કે આદિવાસી કે સામાન્ય જનતાને મજબુત કરવા માટે કોઈ કામ કર્યું નથી. ભાજપ સરકારના કામ ટીવી પર દેખાઈ રહ્યા છે, એવું કઈ રિયલમાં થયું નથી.' વધુમાં પ્રિયંકા ગાંધીએ કહ્યું કે, 'છેલ્લા ૧૦ વર્ષથી ભાજપની સરકારમાં તમારી સ્થિતિ સુધરવાના બદલે વધારે બગડી છે અને જો હજી પણ આ સરકાર આવશે તો તમારો વિકાસ નહીં થાય. અમારી સરકાર આવશે, ત્યારે તમને એટલી મદદ મળશે કે આવનાર થોડા જ સમયમાં તમે ખુદના પગ પર ઊભા થઈ શકશો. એમ ખાલી વાયદો નથી કરતા, રાજસ્થાનમાં અમારી સરકાર હતી તો અમે કરી બતાવ્યું છે.'આ પ્રસંગે પ્રિયંકા ગાંધીએ કહ્યું હતુ કે ૪૫ વર્ષમાં બેરોજગારી આપણા દેશમાં સૌથી વધારે છે.

## દીકરીને ભગાડી જવાની અદાવતમાં ખૂની ખેલઃમાણસાના રીદ્રોલમાં સગીરાના પિતા સહિત ચાર શખ્સોએ યુવકના માતાની હત્યા કરી



માણસા તાલુકાના રીદ્રોલ ગામનો યુવક ગામની સગીરાને પ્રેમ જાળમાં ફસાવીને ફરાર થઈ જતાં દસેક દિવસ અગાઉ અપહરણનો ગુનો દાખલ થયો હતો. જે બાદ પ્રેમી પંખીડા પોલીસ સમક્ષ હાજર પણ થઈ ગયા હતા. જેની અદાવત રાખી સગીરાના પિતા સહિતના લોકોએ લાકડાના ધોકા તથા તલવાર જેવા પ્રાણ ઘાતક હથિયારો સાથે પરિવારજનો ઉપર ઘાતકી હૂમલો કરી યુવકની માતાની હત્યા કરી દેતા માણસા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.માણસા તાલુકાના રીદ્રોલ ગામમાં ખેતમજૂર મહેશજી મોહનજી ઠાકોરનાં પરિવારમાં પત્ની શિલ્પાબેન, ત્રણ સંતાનો, માતા પિતા અને બહેન સજજનબેન સાથે સંયુક્ત કુટુંબમાં રહે છે. ગત તા. ૧૯ મી એપ્રિલે ૧૯ વર્ષીય પુત્ર કિશન ઘરની નજીકમાં રહેતા પરિવારની સગીર વયની દીકરીને લગ્નની લાલચ આપી ભગાડી લઈ ગયો હતો. જે અંગે માણસા પોલીસ મથકમાં કિશન વિરુદ્ધ સગીરાના અપહરણનો ગુનો પણ દાખલ થયો હતો.

જેનાં પગલે મહેશજીએ બીજા દિવસે શોધખોળ કરી સગીરાને માણસા પોલીસ સ્ટેશન ખાતે હાજર કરી દીધી હતી. તે દિવસથી બીકનાં માર્યા મહેશજી પત્ની અને બાળકો સાથે ચરાડા મુકામે સંબંધીનાં ઘરે જતા રહ્યા હતા. અને ગઈકાલે પરત રીદ્રોલ આવ્યા હતા. ત્યારે રાત્રિના આશરે આઠેક વાગે પરિવારના સભ્યો જમવા બેસવાની તૈયારી કરતા હતા. તેવામાં સગીરાના પરિવારજનો હાથમાં તલવાર તથા ધોકાઓ લઈ ઘરમાં ઘસી ગયા હતા.બાદમાં જોર જોરથી બુમો પાડી કહેવા લાગેલ કે, તારો છોકરો મારી છોકરીને કેમ ભગાડી લઈ ગયો હતો જેથી આજે તો તમે કોઈને છોડવાના નથી. અને ચારેય જણાએ મહેશજી તેમની પત્ની શિલ્પાબેન, સગીર દીકરા , માતા પિતા તેમજ બહેન ઉપર હૂમલો કર્યો હતો. અને શિલ્પાબેનને ધોકા વડે ફરી વળ્યા હતા. જેમને છોડાવવા સાસુ ગજીબેન વચ્ચે પડતાં તેઓને પણ આરોપીએ ધોકા વાળી કરી હતી. જ્યારે સસરા મોહનજીને કમરના ભાગે તલવાર મારી હતી. બાદમાં આરોપીઓએ શિલ્પાબેનને ઉંચકીને ઘરની પાછળ રોડ ઉપર નીચે ફેંકી દીધા હતા.આ દરમ્યાન મહોલ્લાનાં લોકો એકઠા થઈ જતાં ચારેય જણા ફરાર થઈ ગયા હતા. બાદમાં ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ગાંધીનગર સિવિલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે શિલ્પાબેનને મૃત જાહેર કર્યા હતા. જ્યારે ગજીબેનને વધુ સારવાર અર્થે દાખલ કર્યા હતા. આ અંગે માણસા પોલીસે હત્યાનો ગુનો નોંધી આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

## સાત વર્ષ સુધી શારીરિક સુખ ભોગવ્યા બાદ પ્રેમીએ લગ્નનો ઈન્કાર કરતાં બળાત્કારની ફરિયાદ



વડોદરામાં રહેતી એક યુવતી સાથે સાત વર્ષ સુધી સંબંધ રાખ્યા બાદ પ્રેમીએ લગ્ન કરવાનો ઈનકાર કરી દેતા યુવતીએ બળાત્કારની ફરિયાદ નોંધાવી છે. પીડિતાએ પોલીસને કહ્યું છે કે, વર્ષ ૨૦૧૭ માં મારે ખંભાતના ગોલાણા ગામે રહેતા અજય દેવાભાઈ અલગોતર સાથે પરિચય થયા બાદ એકબીજાના પ્રેમમાં પડ્યા હતા. અજયે મને લગ્ન કરવાની ખાતરી આપી હોવાથી તેનામાં ભરોસો રાખી તેની સાથે હરતી ફરતી હતી. આ દરમિયાન તે મને પાવાગઢ અને વડોદરાની જુદી જુદી હોટલોમાં લઈ જતો હતો અને મારી મરજી વિરુદ્ધ શારીરિક સંબંધ રાખતો હતો.

અજય મારા ઘરે પણ આવતો હતો અને ત્યાં પણ મારી સાથે સંબંધ બાંધતો હતો. પરંતુ ત્યારબાદ તેણે લગ્નનો ઈનકાર કરી દીધો છે. જેથી ફતેગંજ પોલીસે અજય સામે ગુનો નોધી તપાસ હાથ ધરી છે.

## ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં ભાજપનાં ઉમેદવારોનાં એકસરખા ખર્ચ મામલે હાઇકોર્ટમાં પીઆઈએલ દાખલ

ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની વર્ષ - ૨૦૨૧ દરમ્યાન યોજાયેલી ચૂંટણીમાં ભાજપનાં ૪૪ ઉમેદવારોએ ચા-પાણી- બેનરોથી લઈને રેલી-ડીજે સહિતનો તમામ ખર્ચ એકસરખો બતાવવામાં આવ્યો હતો. જે મુદ્દે ચૂંટણી તંત્ર, કલેક્ટર, ખર્ચ ઓબ્ઝર્વરને ફરીયાદો પણ કરવામાં આવી હતી. જો કે આ મુદ્દે કોઈ કાર્યવાહી નહીં થતાં આખરે હાઈકોર્ટમાં પીઆઈએલ દાખલ કરવામાં આવી છે.ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની વર્ષ - ૨૦૨૧ દરમ્યાન યોજાયેલી ચૂંટણીમાં ભાજપનાં ૪૪ ઉમેદવારોએ ચા-પાણી- બેનરોથી લઈને રેલી-ડીજે સહિતનો તમામ ખર્ચ એકસરખો બતાવવામાં આવ્યો હતો. તમામ ઉમેદવારોએ ચા-પાણી- બેનરોથી લઈને રેલી-ડીજે સહિતનો તમામ ખર્ચ એક સમાન બતાવ્યો હતો. આખા ગાંધીનગરમાં ભાજપના ઉમેદવારોએ એક જ ચાની કિટલીવાળાને ત્યાંથી ચા સપ્લાય કરવાનો કોન્ટ્રાક્ટ આપ્યો હોય, તેવી જ રીતે એક જ જગ્યાએથી મિનરલ પાણીના કેરબા સપ્લાય કરવામાં આવ્યા હોય તે સહિતની ઘણી બાબતોએ એ સમયે સૌનું ધ્યાન ખેંચ્યું હતું.એકસરખો ખર્ચ બતાવવામાં આવ્યો છતાં ચૂંટણી તંત્ર કે ખર્ચ ઓબ્ઝર્વરથી લઈને ચૂંટણી પંચ દ્વારા કોઈ સવાલ ઉઠાવવામાં આવ્યા ન હતા. ભૂતકાળમાં એક સમયના કોંગ્રેસના નગરસેવક અને હવે પક્ષ પલટો કરી ભાજપમાં જોડાઈ જનાર અંકિત બારોટ દ્વારા પણ જે તે સમયે આ એક સમાન ખર્ચના મુદ્દે કાર્યવાહી કરવાની માંગ કરતું આવેદનપત્ર રાજય ચૂંટણી પંચને આપવામાં આવ્યું હતું. ઉપરાંત જિલ્લા કલેક્ટરને પણ રજુઆત કરી હતી. પરંતુ આ મુદ્દે આજદિન સુધી કોઈ કાર્યવાહી થઈ નથી. ભાજપના તમામ ઉમેદવારોના એકસમાન ખર્ચે ગાંધીનગરમાં પણ જે તે સમયે ચર્ચા જગાવી હતી.હવે આ મુદ્દે હાઈકોર્ટમાં જે પીઆઈએલ કરાઈ છે તેમાં સ્ટેટ ઈલેક્શન કમિશનર, એપ્પેન્ડીચર ઈન્સ્પેક્ટર સ્ટેટ ટેક્ષેસનના આસીસ્ટન્ટ કમિશનર બિપીનકુમાર મેરાભાઈ જોગરાજીયા, જિલ્લા કલેક્ટર ગાંધીનગર ઉપરાંત ભાજપના તમામ ૪૪ ઉમેદવારો વિરૂદ્ધ પીઆઈએલ કરવામાં આવી છે. અરજદારે પીઆઈએલમાં એવું પણ કહ્યું છે કે, ચૂંટણી પંચ દ્વારા આજદિન સુધી કોઈ તપાસ નથી કરવામાં આવી કે નથી કોઈ પગલાં લીધા. ગાંધીનગર કોર્પોરેશનના તમામ ચૂંટાયેલા સભ્યોનું સભ્યપદ રદ કરવા અને છ વર્ષ માટે સસ્પેન્ડ કરવા માટે પ્રતિવાદી સત્તાધિકારીઓને નિર્દેશ આપવા પીઆઈએલમાં અરજદાર દ્વારા અપીલ કરવામાં આવી છે.

## વડોદરા સેન્ટ્રલ જેલમાં ખાડો ખોદીને સંતાડેલો મોબાઈલ કબજે : ચાર કેદી સામે ફરિયાદ



વડોદરા સેન્ટ્રલ જેલમાં ગઈકાલે જડતી સ્કવોડના સ્ટાફ દ્વારા સર્કલ વિભાગ યાર્ડ ૧૨ માં બેરેક નંબર ૮ ના કેદી જીવન ચતુરભાઈ સોલંકીની શંકાના આધારે સગન પૂછપરછ કરવામાં આવી હતી. તે દરમિયાન બેરેક નંબર ૬ ની સામે ઝાડના થડ પાસે જમીનમાં ખાડો ખોદીને છુપાવી રાખેલો ગોલ્ડન કલરનો મોબાઈલ ફોન બેટરી સહિત અને સીમકાર્ડ વગરનો મળી આવ્યો હતો. પૂછપરછ દરમિયાન તેણે જણાવ્યું હતું કે તે પોતે તથા અન્ય કાચા કામના આરોપીઓ ધીરજ દિપકભાઈ કનોજીયા તથા અલ્પેશભાઈ વાગવાણી તથા પાકા કામના કેદી સતીશ ભીખાભાઈ પઢીયાર સાથે મળીને મોબાઈલ વાપરતા હતા. જેથી જેલર દ્વારા ચારેય કેદીઓ સામે રાવપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

## ચૂંટણી પૂર્વે પોલીસ એક્શનમાં : રાજકોટ રેન્જના ૫ જિલ્લામાં ૬૦ આરોપી પાસાના પિંજરે પુરાયા

રાજકોટ,તા.૨૭

લોકસભાની ચૂંટણી પૂર્વે પોલીસ એક્શન આવી છે. રાજકોટ રેન્જના ૫ જિલ્લામાં ૬૦ આરોપી પાસાના પિંજરે પુરાયા છે. દારૂના ગુનામાં સંડોવાયેલ ૩૭ આરોપી અને વ્યાજખોરી, છેડતી સહિતના ગુનામાં પોલીસ ચોપડે ચડી ચૂકેલા ૨૩ શખ્સને જેલમાં ધકેલાયા છે.

રેન્જના પોલીસ સૂત્રોએ જણાવ્યું કે, વર્તમાન સમયમાં ચૂંટણીની આદર્શ આચારસંહિતા લાગુ છે. જે અનુસંધાને રાજકોટ રેન્જ હસ્તકના જિલ્લાઓમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે અને મતદાન શાંતિપુર્ણ વાતાવરણમાં થાય તે માટે રેન્જ આઈજી અશોકકુમાર યાદવ દ્વારા રેન્જ હસ્તકના પાંચ જિલ્લા જામનગર, મોરબી, સુરેન્દ્રનગર, દેવભૂમિ દ્વારકા અને રાજકોટ ગ્રામ્ય પોલીસના વિસ્તારમાં અલગ - અલગ ગેરકાયદેસર પ્રવતિઓ સાથે સંકળાયેલા અસામજીક તત્વો્ વિરુધ્ધ પાસાની દરખાસ્તો તૈયાર કરી જિલ્લા કલેકટર તરફ ફાઈનલ હુકમ મેળવવા માટે મોકલી આપી પાસા વોરંટ મેળવી અસામાજીક તત્વોની અટકાયત કરી અલગ-અલગ જિલ્લાની જેલમાં મોકલી આપવા કામગીરી હાથ ધરવામાં આવી હતી.

## મોરબી બ્રીજ કેસમાં ઓરેવા ગ્રુપના પ્રયાસો સામે હાઈકોર્ટનો અસંતોષ

અમદાવાદ,તા.૨૮

ગુજરાત હાઈકોર્ટે શુક્રવારે મોરબી બ્રિજ તૂટી પડવાના કેસમાં અસરગ્રસ્ત લોકોના પુનર્વસન માટે ઓરેવા ગ્રૂપના પ્રયાસો પ્રત્યે અસંતોષ વ્યક્ત કર્યો હતો અને કંપનીને પુનર્વસન માટે નક્કર અને બહારની દરખાસ્ત રજૂ કરવાનો આગ્રહ કર્યો હતો. ૩૦ ઓક્ટોબર, ૨૦૨૨ના રોજ સસ્પેન્શન બ્રિજ તૂટી પડતાં કુલ ૧૩૫ લોકો માર્યા ગયા હતા.આ મુદ્દે સુઓમોટુ પીઆઈએલની સુનાવણી દરમિયાન, ચીફ જસ્ટિસ સુનીતા અગ્રવાલ અને જસ્ટિસ અનિરુદ્ધ માયીની ખંડપીઠે કંપનીની બિનશરતી માફી સ્વીકારી હતી.કંપનીએ મોરબી કલેક્ટરના દરેક અસરગ્રસ્તોને ૧૨,૦૦૦ રૂપિયાનું માસિક વળતર ચૂકવવાનું સૂચન સ્વીકાર્યું હતું. કંપની ૫,૦૦૦ રૂપિયા ઓફર કરતી હતી. રકમની વાટાઘાટો કરવાનો પ્રયાસ કરવા બદલ હાઈકોર્ટે કંપની પર આકરા પ્રહાર કર્યા હતા. કંપનીએ એમ પણ કહ્યું હતું કે જ્યાં સુધી કોર્ટના સૂચન મુજબ ટ્રસ્ટની રચના ન થાય ત્યાં સુધી તે અસરગ્રસ્ત લોકોની સંભાળ રાખશે.જોકે, હાઈકોર્ટ ખુશ નહોતું અને કોઈ પહેલ ન કરવા બદલ કંપનીની ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે, ''જ્યારે તમે કોઈ એવી વસ્તુ માટે દોષિત હોવ જે માફી યોગ્ય નથી, ત્યારે તમારે તમારો પસ્તાવો બતાવવા માટે કંઈક વધારાનું કરવું પડશે. આ કોઈ સામાન્ય ઘટના નથી..આ પરિસ્થિતિ તમારા તરફથી જાહેર સંપત્તિ સાથે રમી રહી છે.જ્યારે કંપનીના વકીલે ૪૦% વિકલાંગતા ધરાવતી મહિલા માટે મુંબઈમાં ફ્લેટ ખરીદવાના કોર્ટના સૂચન અંગે પોતાનો વાંધો વ્યક્ત કર્યો, ત્યારે કંપનીને રકમની ઓફર કરવાનું કહેવામાં આવ્યું. અદાલતે પુનર્વસન માટે કોર્ટના અથવા કલેક્ટરના સૂચનોની બહાર કંઈપણ પ્રસ્તાવિત ન કરવા બદલ કંપનીને પણ ખેંચી હતી.

તંત્રી લેખ......

# માર્ક્સવાદી મેનિફેસ્ટો

ઈન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસના અધ્યક્ષ સેમ પિત્રોડાએ ફરી એક વખત કોંગ્રેસ માટે સંકટ પેદા કરવાનું કામ કર્યું. તેમણે અમેરિકામાં વારસાઈ ટેક્સનો હવાલો આપતાં એમ કહ્યું કે ભારતમાં એવું નથી અને આપણે તેના પર ચર્ચા કરવી જોઈએ. તેમના આ કથને એટલા માટે ચર્ચા જગાવી, કારણકે કોંગ્રેસે પોતાના ઘોષણા પત્રમાં લોકોની સંપત્તિના સર્વેનો વાયદો કર્યો છે. તેની વ્યાખ્યા ભાજપ પહેલેથી જ એ રૂપે કરી રહી છે કે કોંગ્રેસ લોકોની સંપત્તિનું આકલન કરીને સંપન્ન-સક્ષમ લોકોની સંપદાનો એ હિસ્સો લઈ લેવાનો ઈરાદો ધરાવે છે. સેમ પિત્રોડાનું નિવેદન પણ આવો જ સંકેત આપી રહ્યું છે, તેથી ભાજપે નવેસરથી તેમના નિવેદનને મુદ્દો બનાવી દીધો. વડાપ્રધાને તો તેમને નિશાના પર લીધા જ, ગૃહમંત્રી અમિત શાહે પણ કહી દીધું કે જો કોંગ્રેસ એવું કશું કરવાનું નથી વિચારી રહી, જેવું સેમ પિત્રોડા કહી રહ્યા છે, તો પછી તે પોતાના ચૂંટણી ઢંઢેરામાંથી સંપત્તિના સર્વેક્ષણવાળી વાત હટાવી દે. પહેલાં સેમ પિત્રોડાએ પોતાના નિવેદન પર એ સફાઈ આપી કે તેમના કહેવાનો એ મતલબ નહતો, જેવો કાઢવામાં આવ્યો, પછી કોંગ્રેસે ખુદને પિત્રોડાના નિવેદનથી અલગ કરી દીધી. હેવું મુશ્કેલ છે કે આ બધાથી તેનું સંકટ ઓછું થશે, કારણ કે સેમ પિત્રોડા માત્ર ઈન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસના અધ્યક્ષ જ નહીં, પરંતુ રાહુલ ગાંધીના અંગત સલાહકાર પણ છે.

આવું પહેલી વાર નથી કે જ્યારે સેમ પિત્રોડાના કોઈ નિવેદનથી કોંગ્રેસે બચાવમુદ્રામાં આવી જવું પડ્યું હોય અથવા તેમના કથનને તેમનો અંગત અભિપ્રાય ગણાવવો પડ્યો હોય. આના પહેલાં તેમણે ૧૯૮૪ના શીખ નરસંહારને લઈને 'થયું તો થયું...' કહીને કોંગ્રેસને બેકફૂટ પર લાવી દીધી હતી. તેમના કેટલાક અન્ય નિવેદનો પણ વિવાદનો વિષય બન્યા છે. જ્યારે ચૂંટણીઓ સમયે નાની-નાની વાતોને ચગાવવામાં આવે છે કે પછી તેની મનમાફક વ્યાખ્યા કરવામાં આવે છે ત્યારે નેતાઓએ સંભાળીને બોલવું જોઈએ. નિઃસંદેહ સેમ પિત્રોડા અમેરિકાનું ઉદાહરણ આપીને એના પર ભારતમાં ચર્ચાની જરૂરિયાત જણાવતા હતા, પરંતુ તેમણે ખોટા સમયે આવું ઉદાહરણ નહોતું આપવું, જે તથ્યાત્મક રૂપે સાચું ન હોય અને જેનાથી વિવાદ પેદા થવાની પૂરેપૂરી આશંકા હોય. એ તો કોંગ્રેસ જ જાણે કે સંપત્તિના સર્વે દ્વારા તે શું હાંસલ કરવા માગે છે, પરંતુ એનો ઈનકાર નહીં કે દેશમાં આર્થિક અસમાનતા દૂર કરવાની જરૂરિયાત છે. પરંતુ આ જરૂરિયાતની પૂર્તિ ડાબેરી માનસિકતાવાળી રીતભાત કે માર્ક્સવાદી નીતિઓથી ન કરી શકાય, જે સમાજમાં વિભાજન પેદા કરે. જે પણ ગરીબ-વંચિત છે અથવા સામાજિક-આર્થિક રૂપે પછાત રહી ગયા છે, તેમના ઉત્થાનની ચિંતા તો કરવી જ જોઈએ, પરંતુ એ તેમની જાતિ કે મજહબ જોયા વગર થવું જોઈએ.




" ★રાધા કૃષ્ણ★ " વિષયક મારાં બનાવેલા સ્કેચ માટે સૌથી સારી કમેન્ટ માટે પ્રતિયોગિતા યોજવામાં આવી હતી. આજે એ પ્રતિયોગિતા ના વિજેતાઓનું નામ જાહેર કરતા આનંદની લાગણી અનુભવું છું. આપની આટલી સરસ કમેન્ટ્સ માંથી વિજેતા કમેન્ટ ને પસંદ કરવું મારાં માટે ખૂબ અઘરું હતું. કારણ કે આ ચિત્રની પોસ્ટ જુદી જુદી રીતે ઘણી જગ્યા એ શૅર કરવામાં આવી છે. આ ચિત્રને ૧૩ શૅર, ૨૨૩ થી વધુ કમેન્ટ્સ અને અસંખ્ય લાઈક્સ મળી છે. તેમ છતાં એ કામગીરી સફળતા પૂર્વક પાર પાડી વિજેતા ઓના નામ જાહેર કરું છું. સૌથી સારી કમેન્ટ માટેની પ્રતિયોગિતામાં સુરત શહેર ના પૂર્વીબેન પટેલ (ૅ .દ્ધ) વિજેતા થયેલ છે તેમને આ પ્રમાણપત્ર તથા ટ્રોફી એનાયત કરવામાં આવે છે. આપને વિજયી થવા બદલ ખૂબ ખૂબ અભિનંદન. મારી કલા ( સ્કેચ ) ની પોસ્ટ માં કલા રસિક ભાઈ/બહેનોએ એક્ટીવ રહીને કોમેન્ટો આપી હતી. એ બધા તથા બીજા બધા કોમેન્ટ આપનારા મારા ગુણજ્ઞ સાહિત્ય પ્રેમીઓ નો હું હૃદયપૂર્વક આભાર માનું છું. મારી બધા જ વાચકોને વિંનંતી છે કે નિર્ણાયકો દ્વારા આપેલ નિર્ણય ને આવકારીશું ..

## પત્રાવળી-૪૩

સીધા સાદા ડાકિયા, જાદુ કરે મહાન,

એક હી થેલે મેં ભરે આંસુ ઔર મુસ્કાન.

જોકે ડાકિયાનું સ્થાન હવે ઈ- મેઈલે લીધું છે. પણ પરિવર્તન એ તો સંસારનો ક્રમ.

પત્ર લખાય, મોકલાય, પહોંચે,વંચાય અને વળતો જવાબ આવે..ત્યારે એક આખું સર્કલ પૂરું થાય.

આજે દેવિકાબહેને તેમની આ મજાની પત્રાવલિમાં સામેલ થવાનું આમંત્રણ આપ્યું ત્યારે તુરત હા પાડવાનાં બે કારણો..

એક તો પત્રલેખન એ મારું મનગમતું પ્રિય સાહિત્ય સ્વરૂપ..અને બીજું એમાં સામેલ બધા મિત્રો સાવ પોતીકા..જુગલકાકા આદરણીય વડીલ.. પ્રીતિબહેન, રાજુલબહેન અને દેવિકાબહેન તો લીલાંછમ્મ મિત્રો. કમાલ તો જુઓ..આમાંથી રાજુલબહેન એક એવા છે જેમને કદી રૂબરૂ મળી નથી. છતાં એ બિલકુલ અજાણ્યાં નથી. સાવ પોતીકા સ્વજન..દેવિકાબહેનના શબ્દોમાં કહું તો શબ્દોને પાલવડે અમે અનેક વાર મળ્યા છીએ..કેટકેટલી ગૂફતગૂ..કરી છે. ભીતરના પટારાને એકમેક સામે ખોલ્યો છે કે અનાયાસે ખૂલી ગયો છે !

અહીં તો આ પત્રોમાં શબ્દોને વિવિધ રીતે પામવાનો કેવો મજાનો ઉપક્રમ સર્જાયો છે !

ભર્તૃહરીએ ત્રણ જ્યોતિ અને ત્રણ પ્રકાશની વાત કરી છે.




અગ્નિજયોતિથી લાધતો પ્રકાશ, ચિત્તજયોતિથી લાધતો પ્રકાશ અને શબ્દજયોતિથી લાધતો પ્રકાશ..

શબ્દજયોતિને એમણે પ્રકાશનેય પ્રકાશિત કરનારો કહેલો છે.

પોતીકા શબ્દોનું અજવાળુ લઈને અહીં મળેલા સર્વ મિત્રસર્જકોને સાદર પ્રણામ.

શબ્દ તો કમલદળ સમ, હળવે હાથે લખજો,

લખી આંગળી થાકે, ત્યારે મધુર વાણી ઉચ્ચરજો.

શબ્દ તો છે અંતરનો નાદ, અખિલાઈ સંગ નાતો એનો,

શબ્દ છે ઈબાદત, શબ્દ છે પ્રાર્થના,શબ્દે શબ્દે ઉઘડે ઉજાસ

શબ્દો છે અમારા સાવ નોખા, શબ્દો જ અમારા કંકુ ને ચોખા. (શ્રી મનોજ ખંડેરિયા)

સાહિત્યની ડાળીએ નવી નવી શબ્દ-કૂંપળો ફૂટતી રહી છે. એમનું સન્માન કરીને સીંચવાની, એને પોંખવાની,પોષવાની જવાબદારી સમાજની છે.

સાહિત્ય એ સાંપ્રત સમાજનો આયનો છે. જેમાં સાંપ્રત સમાજનો પડઘો આપોઆપ ઝિલાતો રહે છે, ઝિલાતો રહેવો જોઈએ. સમાજમાં બનતી સારી, નરસી ઘટનાઓનું પ્રતિબિંબ આપણા શબ્દોમાં પડવું જોઈએ. સમાજની બદીઓ સામે લાલબત્તી ધરવી અને સારી વાતને ઉજાગર કરવી એ સાચા સાહિત્યકારની જવાબદારી છે, એનો ધર્મ છે. એ જવાબદારી આપણે સૌએ નિભાવવી રહી. એ ધર્મ આપણે પાળવો રહ્યો. આપણા દ્વારા લખાતો દરેક શબ્દ એ આપણી જવાબદારી છે.

કોઈ ના વાંચી શકે, ના પામી શકે,

માનવી તો વણઉકેલ્યો વેદ છે.

આ વણ ઉકેલ્યા વેદને શબ્દની ચાવીથી ઉઘાડી શકાય છે. આપણા શબ્દમાં એ તાકાત હોવી જોઈએ.

સ્કૂલમાં ભણતા હતા ત્યારે ઘણી વાર નિબંધ લખવાનો આવતો કે કલમ ચડે કે તલવાર..?

આપણે ઈતિહાસમાં ઘણી જગ્યાએ વાંચ્યું છે કે માથું કપાઈ ગયા બાદ રણમેદાનમાં થોડી વાર એકલું ધડ ઝઝૂમી રહ્યું. ભાટ, ચારણોના બુલંદ અવાજે માથા વિનાના ધડમાંયે ઘડીભર ચેતન પ્રગટતું. કેવી હશે એ શબ્દોની તાકાત? કેવી હશે એ વાણી ? આપણે તો એની કલ્પના જ કરવી રહી.

શબ્દ માણસને કયાંથી કયાં લઈ જઈ શકે છે એનો મને પોતાને અનુભવ છે. સાત સાગર પાર જયારે હું પહેલી વાર આવી હતી ત્યારે મને કોણ ઓળખતું હતું ? કોઈ જ નહીં. હું ફકત થોડા શબ્દો લઈને ગઈ હતી..અને એ શબ્દોએ વિદેશમાં પણ કેટકેટલા મિત્રો મેળવી આપ્યા. કેવા મજાના સંબંધો આપ્યાપ

શબ્દો મારી પણ શકે અને તારી પણ શકે. બાળી કે ઠારી પણ શકે. બેધારી તલવાર જેવા શબ્દોનો સમુચિત ઉપયોગ એની સાચી તાકાત.

આ સુંદર યાત્રામાં સહભાગી થયાના આનંદ સાથે, સૌ મિત્રોના સ્નેહ સ્મરણને ભીતરની દાબડીમાં સંગોપીને અહીં જ વિરમું..મળતા રહીશું..શબ્દોને સથવારે, શબ્દોને પાલવડે.

નીલમ દોશી

## રાજસ્થાનમાં હવામાને પલટી મારીઃ આંધી-તોફાનથી હાહાકાર, વીજળી પડવાથી ૩ લોકોના મોત

જયપુર,તા.૨૭

રાજસ્થાનમાં લોકસભા ચૂંટણીના બીજા તબક્કા માટે થઈ ગયેલા મતદાન દરમ્યાન હવામાને પલ્ટી મારી હતી. જો કે, આજના હવામાને સવારથી જ પોતાનો મિજાજ બદલેલો હતો. પણ બપોર બાદ પલ્ટી મારીને જીવલેણ સાબિત થયું હતું. હવામાન ખરાબ થતાં ચિતૌડગઢમાં પડેલી વીજળીના કારણે ત્રણ લોકોના મોત થઈ ગયા છે. તો વળી અજમેર સહિત કેટલાય વિસ્તારમાં જોરદાર વરસાદ થયો હતો.હવામાન ખરાબ થતાં સૌથી વધારે કહેર ચિતોડગઢ જિલ્લામાં જોવા મળ્યો હતો. અહીં રાવતભાટા વિસ્તારમાં આકાશીય વિજળી પડતા ત્રણ લોકોના દુખદ મોત થઈ ગયા હતા. તો વળી ચાર લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. હકીકતમાં જોઈએ તો, અહીં સવારથી આકાશમાં કાળા છવાયેલા છે. તેની સાથે જ હવામાન વિભાગની ચેતવણી અનુસાર, જિલ્લાના વિવિધ વિસ્તારમાં ભારે પવન સાથે કમોસમી વરસાદ થયો હતો. રાવતભાટા વિસ્તારમાં ભૂંજર કલા ગામમાં આકાશીય વિજળી પડવાથી ૩ લોકોના મોત થઈ ગયા હતા. ચાર લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા. તેમને સારવાર માટે હોસ્પિટલમાં ભરતી કરાવ્યા હતા.બપોર બાદ અજમેરના વિજયનગર ઉપખંડમાં અચાનક ભારે વરસાદ થઈ ગયો હતો. વરસાદથી મતદાનમાં પણ ખલેલ પડી અને જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. અજમેરના કેકડીમાં પણ સારો વરસાદ થયો હતો. જયપુર ગ્રામિણ વિસ્તારમાં ચાકસૂમાં પણ અચાનક વરસાદથી હવામાન ખરાબ થઈ ગયું.

## ઉમેદવારના ખર્ચે વેરિફિકેશન કરાવવું જોઈએ, ઈવીએમ સાથે છેડછાડના કિસ્સામાં પૈસા પરત કરવા જોઈએ,સુપ્રીમ

નવીદિલ્હી,તા.૨૭

ભારતીય ચૂંટણી પ્રણાલીમાં ઈફસ (ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન) ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ અંગે સમયાંતરે પ્રશ્નો ઉભા થયા છે. ચૂંટણીમાં ઈવીએમના ઉપયોગને લઈને સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હતી. અરજદારોએ વોટર વેરિફાયેબલ પેપર ઓડિટ ટ્રેલ સાથે ઈફસ્માંથી પડેલા મતોની ૧૦૦ ટકા મેચિંગની માંગ કરી હતી. આ સંબંધિત અરજીઓનો નિકાલ કરતા સુપ્રીમ કોર્ટે શુક્રવારે પોતાનો ઐતિહાસિક નિર્ણય સંભળાવ્યો. સર્વોચ્ચ અદાલતની બે જજની બેન્ચે આ સંબંધિત અરજીઓને ફગાવી દીધી છે. જો કે સુપ્રીમ કોર્ટે મોટો નિર્ણય આપતાં ઉમેદવારોના ખર્ચે મતોની ચકાસણી કરવાનો આદેશ આપ્યો છે. કોર્ટે એમ પણ કહ્યું કે જો ઈવીએમ સાથે ચેડાં થયા હોય તો ઉમેદવારોના પૈસા પરત કરવાના રહેશે.જસ્ટિસ સંજીવ ખન્ના અને જસ્ટિસ દીપાંકર દત્તાની બેન્ચે ઈફસ-ફફઈ઼ સંબંધિત અરજીઓ પર ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. બેન્ચે સિમ્બોલ લોડિંગ યુનિટને ૪૫ દિવસ સુધી સુરક્ષિત રાખવાનો આદેશ આપ્યો છે. કોર્ટે કહ્યું કે રેડીમેડ સિસ્ટમ પર આંખ આડા કાન કરી શકાય નહીં. સુપ્રીમ કોર્ટે કહ્યું કે સંતુલિત અભિગમ મહત્વપૂર્ણ છે, પરંતુ સિસ્ટમ પર શંકા કરવાથી મૂંઝવણ ઊભી થઈ શકે છે. તેની અર્થપૂર્ણ ટીકા કરવી જોઈએ. કોર્ટે વધુમાં કહ્યું કે ન્યાયતંત્ર અને વિધાનસભા સહિત લોકશાહીના તમામ સ્તંભો વચ્ચે સંવાદિતા અને વિશ્વાસ જાળવવો જરૂરી છે. જસ્ટિસ દીપાંકર દત્તાએ કહ્યું કે આપણે



વિશ્વાસ અને સહકારની સંસ્કૃતિને પ્રોત્સાહન આપીને આપણા લોકશાહીના અવાજને મજબૂત બનાવી શકીએ છીએ.

સુપ્રીમ કોર્ટની બે જજની બેન્ચે વોટ વેરિફિકેશનને લઈને ઐતિહાસિક નિર્ણય આપ્યો છે. કોર્ટે કહ્યું કે જો કોઈ ઉમેદવાર વેરિફિકેશનની માંગણી કરે છે તો તે કિસ્સામાં તેનો ખર્ચ તેની પાસેથી વસૂલવામાં આવે. પરંતુ, જો ઈવીએમમાં કોઈ ચેડાં જોવા મળે તો સંબંધિત ઉમેદવારના પૈસા પરત કરવા જોઈએ. કોર્ટે નિર્દેશ આપ્યો છે કે સિમ્બોલ લોડિંગ યુનિટની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તેને સીલ કરવામાં આવે. મતદાન બાદ એસએલયુને ૪૫ દિવસ સુધી સુરક્ષિત રાખવાનો આદેશ પણ આપવામાં આવ્યો છે.

સુપ્રીમ કોર્ટે એ પણ નિર્દેશ આપ્યો છે કે ઉમેદવારો પાસે પરિણામોની ઘોષણા પછી તકનીકી ટીમ દ્વારા ઈવીએમના માઈક્રોકન્ટ્રોલર પ્રોગ્રામની ચકાસણી કરવાનો વિકલ્પ હશે. આ ચૂંટણીની જાહેરાતના ૭ દિવસમાં થઈ શકે છે. બીજા અને ત્રીજા આવતા ઉમેદવારો આ કરી શકશે. જસ્ટિસ સંજીવ ખન્નાએ ચૂંટણી પંચને પેપર સ્લિપની ગણતરી માટે ઈલેક્ટ્રોનિક મશીનોના સૂચન પર ધ્યાન

## રાજસ્થાનમાં ઓવરટેક કરતી વખતે કાર ટ્રક સાથે અથડાઈ, ૬ લોકોએ જીવ ગુમાવ્યા

અનુપગઢ,તા.૨૭

રાજસ્થાનના અનુપગઢ જિલ્લામાં એક દુઃખદ માર્ગ અકસ્માતમાં છ લોકોના મોત થયા છે. જણાવવામાં આવી રહ્યું છે કે આ દુર્ઘટના કાર અને ટ્રક વચ્ચેની ટક્કર બાદ થઈ હતી. આ ઘટનામાં ૫ લોકો એક જ પરિવારના હોવાનું કહેવાય છે, જ્યારે એક મૃતક કારનો ડ્રાઈવર હતો. જેમાં ચાર મહિલાઓના પણ મોત થયા છે. અન્ય એક મહિલા ઘાયલ હોવાનું કહેવાય છે અને તેની સારવાર ચાલી રહી છે. પોલીસનું કહેવું છે કે તમામ મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યા છે, જ્યારે ઘાયલોની સારવાર કરવામાં આવી રહી છે. પોલીસે કહ્યું છે કે આ મામલે તપાસ કરવામાં આવી રહી છે.

અધિક પોલીસ અધિક્ષક (રાયસિંહ નગર) ભંવરલાલે જણાવ્યું કે આ ઘટના ખોખરાવલી અને સલેમપુરા વચ્ચે બની હતી. તેમણે કહ્યું કે ઘાયલ મહિલાને સારવાર માટે અનુપગઢ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે.

## પૂર્વ સાંસદ ધનંજય સિંહ જૌનપુરથી બરેલી જેલમાં શિફ્ટ, કોર્ટે તેમને સાત વર્ષની જેલની સજા ફટકારી

જૌનપુર,તા.૨૭

પૂર્વ સાંસદ અને મસલમેન ધનંજય સિંહને શનિવારે સવારે ૮ વાગ્યે જૌનપુર જિલ્લા જેલમાંથી બરેલી જેલમાં ખસેડવામાં આવ્યા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, સરકારના આદેશ પર તેમની બદલી કરવામાં આવી છે. ધનંજય ૬ માર્ચથી જૌનપુર જિલ્લા જેલમાં બંધ હતો.અપહરણ અને ખંડણીના કેસમાં ન્યાયાધીશ શરદચંદ ત્રિપાઠીની અદાલતે ધનંજય સિંહને સજા સંભળાવી હતી. વાદી અભિનવ



સિંઘલે ૧૦ મે, ૨૦૨૦ ના રોજ લાઈન બજાર પોલીસ સ્ટેશનમાં પૂર્વ સાંસદ ધનંજય સિંહ સહિત બે લોકો વિરુદ્ધ અપહરણ અને ખંડણીની એફઆઈઆર નોંધાવી હતી.

આ પછી પોલીસે બંનેની ધરપકડ કરીને જેલ મોકલી દીધા. આ કેસમાં તે ત્રણ મહિના સુધી જિલ્લા જેલમાં બંધ રહ્યો હતો. આ પછી પૂર્વ સાંસદ ધનંજય સિંહને જામીન મળી ગયા.

પોલીસે આ કેસની તપાસ કરીને ત્રણ મહિનામાં કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી હતી.

કોર્ટે ૨ એપ્રિલ ૨૦૨૨ના રોજ ધનંજય અને તેના સહયોગી વિરુદ્ધ આરોપો ઘડ્યા હતા. આ પછી, સુનાવણીની ૧૩૦ તારીખો પછી, ૫ માર્ચ, ૨૦૨૩ ના રોજ, ધનંજય સહિત બેને દોષી ઠેરવવામાં આવ્યા. આ પછી, ૬ માર્ચ, ૨૦૨૪ ના રોજ સજા સંભળાવવામાં આવી. પોલીસ અધિક્ષક ડૉ. અજય પાલ શર્માએ જણાવ્યું કે સરકારના આદેશ અનુસાર

## મણિપુરમાં મધરાતે કુકી ઉગ્રવાદીઓ ઘાત લગાવીને સીઆરપીએફ બટાલિયન પર હુમલો કરતા ૨ જવાન શહીદ

ઈમ્ફાલ,તા.૨૭

એકબાજુ લોકસભા ચૂંટણી થઈ રહી છે અને બીજી બાજુ પૂર્વોત્તર રાજ્ય મણિપુરથી એક આઘાતજનક સમાચાર આવ્યા છે. કુકી અને મૈતેઈ સમુદાય વચ્ચે સંઘર્ષ સતત ચાલુ છે. મળતી માહિતી મુજબ કુકી ઉગ્રવાદીઓએ શુક્રવારે મધરાતે કેન્દ્રીય રિઝર્વ પોલીસ ફોર્સ (સીઆરપીએફ) પર ઘાત લગાવીને હુમલો કર્યો. જેમાં બે સીઆરપીએફ જવાનો શહીદ થયા છે. આ અંગે વધુ જાણકારી આપતા મણિપુર પોલીસે જણાવ્યું કે શુક્રવારે મોડી રાતે લગભગ સવા બે વાગ્યાની વચ્ચે કુકી ઉગ્રવાદીઓએ કરેલા હુમલામાં સીઆરપીએફના બે જવાનોના મોત થયા. આ બંને જવાનો મણિપુરના બિષ્ણુપુર જિલ્લાના નારાનસેના વિસ્તારમાં તૈનાત સીઆરપીએફની ૧૨૮મી બટાલિયનના હતા.

આ અગાઉ ઉગ્રવાદીઓએ ત્રણ જિલ્લા કાંગપોકપી, ઉખરૂલ અને ઈમ્ફાલ પૂર્વના ટ્રાઈજંક્શન જિલ્લામાં એક બીજા પર ફાયરિંગ કર્યું હતું. આ ફાયરિંગમાં બે કુકુ સમુદાયના લોકોના મોત થયા હતા. ત્યારબાદ થૌબલ જિલ્લાના હેઈરોક અને તેંગનૌપાલ વચ્ચે ૨ દિવસના ક્રોસ ફાયરિંગ બાદ ઈમ્ફાલ પૂર્વ જિલ્લાના મોઈરંગપુરેલમાં ફરીથી હિંસા ભડકી. જેમાં કાંગપોકપી અને ઈફાલ પૂર્વ બંનેના હથિયારબંધ ઉપદ્રવીઓ સામેલ હતા.

ગત વર્ષે ૩ મેના રોજ મૈતેઈ સમુદાયની અનુસૂચિત જનજાતી (એસટી) દરજ્જાની માંગણીના વિરોધમાં પહાડી જિલ્લાઓમાં આયોજિત આદિવાસી એકજૂથતા માર્ચ બાદ ભડકેલી જાતિય હિંસા પછી મણિપુરમાં ૧૮૦થી વધુ લોકો માર્યા ગયા છે.

Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001

તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું